# અતિશયક્ષેત્ર ઘોઘા

આવાગમન...... રેલ્વે સ્ટેશન : ભાવનગર-૧૮ કિ.મી.
બસ સ્ટેશન : ઘોઘા-૧ કિ.મી.

પહોંચવાનો સરળ માર્ગ..... ભાવનગરથી સડક રસ્તે

નજીકનું મુખ્ય શહેર..... ભાવનગર-૧૮ કિ.મી.

નજીકના તીર્થક્ષેત્રો : પાલીતાણા-૭૦ કિ.મી.,
સુવર્ણપુરી (સોનગઢ)-૫૦ કિ.મી.,
ગિરનાર (જૂનાગઢ)-૨૪૦ કિ.મી.

ઘોઘા ભાવનગર શહેરથી ૧૮ કિ.મી. દૂર છે. ભાવનગરથી ગુજરાત રાજ્યની એસ.ટી. બસ દર અર્ધા કલાકે મળે છે. ઘોઘા અગાઉં મોટું બંદર હતું તે વખતે ઘોઘાની જાહોજલાલી ખૂબ જ હતી. તે વખતે ત્યાં દિગંબર જૈનોનાં આશરે ૧૨૦૦ ઘર હતાં. કાળાનુક્રમે ત્યાંની વસ્તી ઘટતી ગઈ. વિ. સં. ૧૯૫૬ ના ભયંકર દુષ્કાળ પછી ત્યાં રોગચાળો ફાટી નીકળેલ અને તે સમયે ઘોઘા સંપૂર્ણ ખાલી થઈ ગયું અને બધા ભાવનગર શહેરમાં આવીને વસ્યા.

આ ઘોઘામાં એક જ સંકુલમાં નાનકડા ૩ શિખરબંધ મંદિરો છે, જેમાં ૪ વેદી છે તથા એક સહસ્ત્રકૂટ ચૈત્યાલય છે. આ મંદિરમાં પાષાણ, સ્ફટિકમણિ તથા અષ્ટધાતુનાં પ્રતિમાજી છે. જે આશરે ૧૫મી તથા ૧૬મી શતાબ્દિમાં પ્રતિષ્ઠિત થયેલાં છે. તેમાં ૨ મંદિરમાં ૩ પાષાણની મૂર્તિઓ સ્વયં પ્રાચીનતાનું પ્રમાણ બતાવે છે. કારણ કે આ પ્રતિમાઓના આસન પર કોઈ ચિહ્ન છે નહીં તથા કોઈ પ્રશસ્તિ લખેલ નથી. આ પ્રતિમાઓના કાન જોતા મૂર્તિની પ્રાચીનતા સાબિત થાય છે. આ પ્રતિમાઓ ચોથા કાળની છે તેમ નક્કી થાય છે.

અહીં શ્રી ચન્દ્રપ્રભુ મંદિરમાં શ્રી નેમિનાથ ભગવાનની કાળા પાષાણની પ્રતિમા અતિશયકારી ગણાય છે. લોકો તેની માનતા પણ માનતા હતા. ત્યાં માટે એવું સંભળાય છે કે રાત્રે અહીંના મંદિરમાં ઘંટારવ સંભળાય છે. તે સિવાય બીજી દંતકથાઓ પણ આ પ્રતિમાજી વિશે છે. પણ તે માટે કોઈ શાસ્ત્રોક્ત આધાર મળતા નથી.

અહીંના એક મંદિરમાં શ્રી આદિનાથજી મૂળનાયક છે અને બીજા મંદિરમાં શ્રી ચન્દ્રપ્રભુજી મૂળનાયક છે. તે સિવાય ધાતુના સહસ્ત્રકૂટ ચૈત્યાલયમાં ૧૦૦૮ પ્રતિમાજી છે. આ ચૈત્યાલયની ઉંચાઈ આશરે ૩ા ફીટની છે. તેનો પ્રતિષ્ઠાકાળ વિ. સં. ૧૬૧૧ છે આવી

સહસ્ત્રકૂટ ધાતુની પ્રતિમા ભારતના બહુ ઓછા મંદિરમાં જોવા મળે છે. અહીં ઘોઘામાં બે સ્ફટિકમણિના મોટા પ્રતિમાજી હતા. અહીં હવે દિગંબર જૈનોની વસ્તી ન હોવાથી તે બંને પ્રતિમાજીને ભાવનગરના હુમ્મડના ડેલામાં આવેલ દિગંબર જૈન મંદિરમાં લઈ જવામાં આવેલ છે. ઘોઘા એક છેડે જુદું પડી જાય છે. હાલ આ મંદિરનો વહીવટ ભાવનગરનાં હુમ્મડનાં ડેલામાં આવેલ દિગંબર જૈન મંદિર હસ્તક ચાલે છે. ઘોઘાનો દરીયો તદ્દન નજીક છે. બહુ દૂર નથી. તેથી લોકો દરીયો જોવા ચાલતાં જઈ શકે છે. ત્યાં દીવાદાંડી પણ છે.

ઘોઘામાં શ્વેતાંબર જૈનનું વિશાળ મંદિર આવેલું છે, જ્યાં શ્રી નવખંડા પાર્શ્વનાથ તેમજ અન્ય ભગવાનની પ્રતિમાઓ છે. અહીં સવારે ચા–નાસ્તાની તથા સવાર-સાંજ જમવાની પણ વ્યવસ્થા છે, જેનો લાભ શ્વેતાંબર કે દિગંબર-કોઈપણ જૈન ભાઈ-બ્હેનો લઈ શકે છે.

ઘોઘાના ચોથા કાળના પ્રતિમાજીના દર્શન કરીને લોકો પોતાને ધન્ય અનુભવે છે અને આનંદિત થાય છે.

પુરાણોમાં શ્રીપાલજીનું ચરિત્ર આવે છે. તેમાં ઉલ્લેખ છે કે ધવલ શેઠે તેમને સમુદ્રમાં ફેંક્યા હતા. પછી શ્રીપાલજી સમુદ્ર પાર કરીને દરીયાકિનારા ઉપર આવ્યા હતા. પછી તેમણે ઘોઘામાં સહસ્ત્રકૂટ ચૈત્યાલયના મંદિરના દરવાજા ખોલ્યા હતા. તે સ્થાન આ હોય તેવું લાગે છે કારણ કે દરીયાકિનારે સહસ્ત્રચૈત્યાલય હોય તેવું માત્ર ઘોઘા બંદરે જ છે.